**GUJARAT BILL NO. 19 OF 2023.**

# THE GUJARAT GOODS AND SERVICES TAX (AMENDMENT) BILL, 2023.#

## *A BILL*

*further to amend the Gujarat Goods and Services Tax Act, 2017.*

#

#**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૯.**

## ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૩.

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે.

(૨) આ કલમ, કલમો ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, કલમ ૨૬નો ખંડ (ખ) અને કલમ ૨૮ સન ૨૦૨૩ના જુલાઈ મહિનાની ૩૧મી તારીખે અમલમાં આવી હોવાનું ગણાશે અને બાકીની જોગવાઇઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

**૨.** ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં,-

(ક) ખંડ (૮૦) પછી, નીચેના ખંડો દાખલ કરવા:-

'(૮૦-ક) "ઓનલાઈન ગેમિંગ" એટલે ઈન્ટરનેટ અથવા ઈલેક્ટ્રોનિક નેટવર્ક પર ગેમ પૂરી પાડવી અને તેમાં ઓનલાઈન મની ગેમિંગનો સમાવેશ થાય છે;

(૮૦-ખ) "ઓનલાઈન મની ગેમિંગ" એટલે ઓનલાઈન ગેમિંગ કે જેમાં ખેલાડીઓ, વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ સહિત નાણાં અથવા નાણાંનું મૂલ્ય જીતવાની અપેક્ષાથી, જેનું પરિણામ અથવા પ્રદર્શન કૌશલ્ય, તક અથવા તે બંને આધારિત હોય કે ન હોય અને જે તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ અથવા અન્યથા પરવાનગીપાત્ર હોય કે ન હોય તેવી રમત, સ્કીમ, સ્પર્ધા અથવા બીજી કોઈ પ્રવૃત્તિ અથવા પ્રક્રિયા સહિતની કોઈ પ્રવૃત્તિ (ઇવેન્ટ)માં વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ સહિત નાણાં અથવા નાણાંનું મૂલ્ય ચૂકવે છે અથવા જમા કરે છે;';

(ખ) ખંડ (૧૦૨) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

'(૧૦૨-ક) "નિર્દિષ્ટ દાવાપાત્ર હક" એટલે

(૧) સટ્ટાબાજી;
(૨) કેસિનો;
(૩) જુગાર;
(૪) ઘોડા દોડ;
(૫) લોટરી; અથવા
(૬) ઓનલાઈન મની ગેમિંગ;

-ના માધ્યમમાં અથવા તેના દ્વારા સમાવિષ્ટ દાવાપાત્ર હક;';

(ગ) ખંડ (૧૦૫)માં, અંતે નીચેનો પરંતુક દાખલ કરવો:-

"પરંતુ નિર્દિષ્ટ દાવાપાત્ર હકોના પુરવઠા માટે ડિજિટલ અથવા ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મની માલિકી ધરાવતી હોય, ચલાવતી હોય અથવા સંચાલન કરતી હોય તેવી વ્યક્તિ, સહિત આવા પુરવઠાની પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે વ્યવસ્થા અથવા ગોઠવણ કરતી હોય તેવી વ્યક્તિ આવા દાવાપાત્ર હકો તેના દ્વારા અથવા તેના મારફત પૂરા પાડવામાં આવ્યા હોય કે ન આવ્યા હોય અને આવા દાવાપાત્ર હકોના પુરવઠા માટે વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ સહિત નાણાંમાં અથવા નાણાંના મૂલ્યમાં અવેજની કોઈપણ રીતે તેને ચુકવણી કરવામાં આવી હોય કે ન આવી હોય અથવા તેને અથવા તેના મારફત જાણ કરવામાં આવી હોય અથવા તેને હસ્તક મૂકવામાં આવ્યું હોય કે ન હોય ત્યારે, તે આવા દાવાપાત્ર હકોના પુરવઠાકાર તરીકે હોવાનું ગણાશે અને આ અધિનિયમની તમામ જોગવાઈઓ નિર્દિષ્ટ દાવાપાત્ર હકોના આવા પુરવઠાકારને જાણે કે તે આવા દાવાપાત્ર

હકોના પુરવઠાના સંબંધમાં તે વેરો ચૂકવવાને જવાબદાર હોય તેવો પુરવઠાકાર હોય તેમ લાગુ પડશે.”;

(ધ) ખંડ (૧૧૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

સન ૧૯૬૧-નો ૪૩મો.

‘(૧૧૭-ક) “વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ” એ શબ્દપ્રયોગનો અર્થ, આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨ના ખંડ (૪૭-ક)માં તેનો જે અર્થ આપવામાં આવ્યો છે તે જ થશે;’.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ-૧૦માં,

(ક) પેટા-કલમ (૨)માં, ખંડ (ઘ)માં, “માલનો અથવા” એ શબ્દો કમી કરવા;

(ખ) પેટા-કલમ (૨ક)માં, ખંડ (ગ)માં, “માલ અથવા” એ શબ્દો કમી કરવા.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૧૬નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬માં, પેટા-કલમ (૨)માં,-

(૧) બીજા પરંતુકમાં, “તેની આઉટપુટ વેરા જવાબદારીમાં તેના વ્યાજ સહિત, ઠરાવવામાં આવેલી રીતે ઉમેરવી જોઇશે” એ શબ્દોને બદલે, “કલમ ૫૦ હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ સહિત તેણે ચૂકવવી જોઇશે” એ શબ્દો અને આંકડા મૂકવા;

(૨) ત્રીજા પરંતુકમાં, “રકમ ભર્યેથી” એ શબ્દોને બદલે, “રકમની પુરવઠાકારને તેણે ચુકવણી કર્યેથી” એ શબ્દો મૂકવા.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં,-

(ક) પેટા-કલમ (૩)માં, સ્પષ્ટીકરણમાં, “સદરહુ અનુસૂચિના પરિચ્છેદ ૫-માં નિર્દિષ્ટ કર્યા હોય તે સિવાયના” એ શબ્દો અને આંકડાને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

“(૧) સદરહુ અનુસૂચિના પરિચ્છેદ ૫માં નિર્દિષ્ટ કરેલ પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડોના મૂલ્ય; અને

(૨) સદરહુ અનુસૂચિના પરિચ્છેદ ૮ના ખંડ (ક)ના સંબંધમાં ઠરાવવામાં આવે તેવી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડોના મૂલ્ય,

સિવાયના,";

(ખ) પેટા-કલમ (૫)માં, ખંડ (છ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(છક) કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૩૫માં ઉલ્લેખેલ કંપનીની સામાજિક જવાબદારી હેઠળની તેની જવાબદારીઓને લગતી પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરવામાં આવે અથવા ઉપયોગ કરવા ધાર્યું હોય તેવા, વેરાપાત્ર વ્યક્તિએ મેળવેલ માલ અથવા સેવાઓ અથવા તે બંન્નેે;". સન ૨૦૧૩નો ૧૮-મો.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૨૩નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી અને તે, સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી મૂકવામાં આવેલ હોવાનું ગણાશે:-

"(૨) કલમ ૨૨ની પેટા-કલમ (૧) અથવા કલમ ૨૪માં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, સરકાર, કાઉન્સિલની ભલામણો પરથી, જાહેરનામા દ્વારા, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન મેળવવામાંથી મુક્તિ આપી શકાય તેવી વ્યક્તિઓનો વર્ગ નિર્દિષ્ટ કરી શકશે.".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૨૪નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૪માં,-

(ક) ખંડ (૧૧)માં, અંતે આવતાં "અને" એ શબ્દ કમી કરવો;

(ખ) ખંડ (૧૧) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(૧૧-ક) ભારત બહારના સ્થળેથી ભારતમાંની વ્યક્તિને ઓનલાઈન મની ગેમિંગ પૂરી પાડતી દરેક વ્યક્તિ; અને".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૩૦નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૦માં, પેટા-કલમ (૧)માં,-

(ક) "રદ કર્યાનો હુકમ બજાવ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર" એ શબ્દોને બદલે, "ઠરાવવામાં આવે તેવી રીતે, તેટલા સમયમાં અને તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને" એ શબ્દો મૂકવા;

(ખ) પરંતુક કમી કરવો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૭માં, પેટા-કલમ (૪) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:- સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૩૭નો સુધારો.

"(૫) રજિસ્ટર થયેલી વ્યક્તિને, જાવક પુરવઠાની વિગતો રજૂ કરવાની નિયત તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી જે તે વેરા મુદત માટે પેટા-કલમ (૧) હેઠળ સદરહુ વિગતો રજૂ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ:

પરંતુ સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યક્તિને અથવા રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગને, જાવક-પુરવઠાની વિગતો રજૂ કરવાની નિયત તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી પણ પેટા-કલમ (૧) હેઠળ વેરા મુદત માટે સદરહુ વિગતો રજૂ કરવાની પરવાનગી આપી શકશે.".

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૯માં, પેટા-કલમ (૧૦) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:- સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૩૯નો સુધારો.

''(૧૧) રજિસ્ટર થયેલી વ્યક્તિને, જે તે વેરા મુદત માટે પત્રક (રિટર્ન) રજૂ કરવાની નિયત તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી સદરહુ પત્રક રજૂ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ:

પરંતુ સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યક્તિને અથવા રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગને, વેરા મુદત માટે પત્રક રજૂ કરવાની નિયત તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી પણ સદરહુ પત્રક રજૂ કરવાની પરવાનગી આપી શકશે.''.

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૪ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:- સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૪૪નો સુધારો.

''(૨) રજિસ્ટર થયેલી વ્યક્તિને, જે તે નાણાકીય વર્ષ માટે વાર્ષિક પત્રક રજૂ કરવાની નિયત તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી પેટા-કલમ (૧) હેઠળ સદરહુ વાર્ષિક પત્રક રજૂ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ:

પરંતુ સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યક્તિને

અથવા રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગને, પેટા-કલમ (૧) હેઠળ નાણાકીય વર્ષ માટે વાર્ષિક પત્રક રજૂ કરવાની નિયત તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી પણ સદરહુ વાર્ષિક પત્રક રજૂ કરવાની પરવાનગી આપી શકશે.''.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૫૨નો સુધારો.

**૧૨.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૨-માં, પેટા-કલમ (૧૪) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

''(૧૫) ઓપરેટરને, પત્રક રજૂ કરવાની નિયત તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી, પેટા-કલમ (૪) હેઠળ સદરહુ પત્રક (સ્ટેટમેન્ટ) રજૂ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ:

પરંતુ સરકાર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, ઓપરેટરને અથવા ઓપરેટરના વર્ગને, પત્રક રજૂ કરવાની નિયત તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી પણ પેટા-કલમ (૪) હેઠળ સદરહુ પત્રક રજૂ કરવાની પરવાનગી આપી શકશે.''.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૫૪નો સુધારો.

**૧૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૪માં, પેટા-કલમ (૬)માં, ''પ્રસંગોપાત સ્વીકારેલી ઇનપુટ વેરા શાખની રકમને બાકાત કરીને,'' એ શબ્દો કમી કરવા.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૫૬નો સુધારો.

**૧૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૬માં, ''સદરહુ પેટા-કલમ હેઠળ અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસ પૂરા થયાની તરત પછીની તારીખથી એવા વેરાના રિફંડની તારીખ સુધી", એ શબ્દોને બદલે, ''આવી અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસથી વધુના વિલંબની મુદતથી આવા વેરાના રિફંડની તારીખ સુધીની મુદત માટે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, ગણતરી કરવાના" એ શબ્દો મૂકવા.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૬૨નો સુધારો.

**૧૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૨ માં, પેટા-કલમ (૨)માં,-

(ક) ''ત્રીસ દિવસ'' એ શબ્દોને બદલે, ''સાઠ દિવસ'' એ શબ્દો મૂકવા;

(ખ) નીચેનો પરંતુક ઉમેરવો:-

"પરંતુ રજિસ્ટર થયેલી વ્યક્તિ, પેટા-કલમ (૧) હેઠળના આકારણી હુકમની બજવણીના સાઠ દિવસની અંદર માન્ય પત્રક રજૂ કરવામાં ચૂક કરે ત્યારે, તે સદરહુ આકારણી હુકમની બજવણીના સાઠ દિવસથી વધુ વિલંબના દરેક દિવસ માટે, એકસો રૂપિયાની વધારાની વિલંબ ફીની ચુકવણી કરીને સાઠ દિવસની વધુ મુદતમાં (માન્ય પત્રક) રજૂ કરી શકશે અને આવી લંબાવેલી મુદતમાં માન્ય પત્રક રજૂ કરે તેવા કિસ્સામાં, સદરહુ આકારણી હુકમ પાછો ખેંચી લેવામાં આવ્યો હોવાનું ગણાશે, પણ કલમ ૫૦ની પેટા-કલમ (૧) હેઠળ ચૂકવવાના વ્યાજની અથવા કલમ ૪૭ હેઠળ વિલંબ ફી ચૂકવવાની જવાબદારી ચાલુ રહેશે.".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૦૯ બદલવા બાબત.

૧૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૯ને બદલે, નીચેની કલમ મૂકવી:-

સન ૨૦૧૭નો ૧૨-મો.

અપીલ ટ્રિબ્યુનલ.

૧૦૯. આ પ્રકરણની જોગવાઇઓને અધીન રહીને, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ રચાયેલ માલ અને સેવા વેરા અપીલ ટ્રિબ્યુનલ, આ અધિનિયમ હેઠળ અપીલ સત્તાધિકારી અથવા ફેરતપાસ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હુકમો સામેની અપીલોની સુનાવણી કરવા માટેની અપીલ ટ્રિબ્યુનલ ગણાશે.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૦ કમી કરવા બાબત.

૧૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૦ કમી કરવી.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૪ કમી કરવા બાબત.

૧૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૪ કમી કરવી.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૭નો સુધારો.

૧૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૭માં,-

(ક) પેટા-કલમ (૧)માં, "રાજ્ય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ" એ શબ્દોને બદલે, "રાજ્ય બેન્ચ" એ શબ્દો મૂકવા;

(ખ) પેટા-કલમ (૫)માં, ખંડો (ક) અને (ખ)માં, "રાજ્ય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ" એ શબ્દોને બદલે, "રાજ્ય બેન્ચ" એ શબ્દો મૂકવા.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૮નો સુધારો.

**૨૦.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૮માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ક)માં, "રાષ્ટ્રીય બેન્ચ અથવા પ્રાદેશિક બેન્ચ" એ શબ્દોને બદલે, "મુખ્ય બેન્ચ" એ શબ્દો મૂકવા.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૯નો સુધારો.

**૨૧.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૯માં,-

(ક) "રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક બેન્ચ" એ શબ્દોને બદલે, "મુખ્ય બેન્ચ" એ શબ્દો મૂકવા;

(ખ) "રાજ્ય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ" એ શબ્દોને બદલે, "રાજ્ય બેન્ચ" એ શબ્દો મૂકવા.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૨૨-નો સુધારો.

**૨૨.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૨-માં, પેટા-કલમ (૧ક) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:-

''(૧ખ) (૧) આ અધિનિયમ હેઠળ બહાર પાડેલા જાહેરનામાથી, માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો પૂરો પાડવા માટે રજિસ્ટ્રેશન કરાવવામાંથી મુક્તિ આપવામાં આવી હોય તેવી વ્યક્તિ સિવાયની રજિસ્ટર થયેલી ન હોય તેવી વ્યક્તિ દ્વારા આવા પુરવઠાને પોતાની મારફત પરવાનગી આપે;

(૨) માલ અથવા સેવા અથવા તે બંનેનો આંતરરાજ્ય પુરવઠો પૂરો પાડવા માટે પાત્ર ન હોય તેવી વ્યક્તિ દ્વારા આવા આંતરરાજ્ય પુરવઠાને પોતાની મારફત પરવાનગી આપે; અથવા

(૩) આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન મેળવવામાંથી મુક્તિ આપવામાં આવી હોય તેવી વ્યક્તિ દ્વારા તેના મારફત કરવામાં આવેલા કોઈ માલના જાવક પુરવઠાની સાચી વિગતો કલમ ૫૨-ની પેટા-કલમ (૪) હેઠળ રજૂ કરવાના પત્રકમાં રજૂ કરવામાં ચૂક કરે,

-તેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર, દસ હજાર રૂપિયાનો દંડ અથવા કલમ ૧૦ હેઠળ વેરો ચૂકવતી વ્યક્તિ સિવાયની રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા પૂરા પાડવામાં આવેલા આવા પુરવઠાને સંબંધિત વેરાની રકમ જેટલી રકમ, એ બેમાંથી જે વધુ હોય તેટલી રકમ ચૂકવવાને જવાબદાર રહેશે.''.

૨૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૨-માં, પેટા-કલમ (૧)માં,-

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૩૨-નો સુધારો.

(ક) ખંડો (જ), (ઠ) અને (ડ) કમી કરવા;

(ખ) ખંડ (ઢ)માં, ''ખંડો (ક) થી (ડ)માં'' એ શબ્દો, કૌંસ અને અક્ષરોને બદલે, ''ખંડો (ક) થી (છ) અને ખંડો (ઝ) અને (ટ)માં'' એ શબ્દો, કૌંસ અને અક્ષરો મૂકવા;

(ગ) પેટા-ખંડ (૩)માં, ''બીજા કોઇ ગુનાના'' એ શબ્દોને બદલે, ''ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલા ગુનાના'' એ શબ્દો, કૌંસ અને અક્ષર મૂકવા;

(ઘ) પેટા-ખંડ (૪)માં, ''અથવા ખંડ (જ) અથવા ખંડ (ઠ)'' એ શબ્દો, કૌંસ અને અક્ષરો કમી કરવા.

૨૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૮માં,-

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૩૮નો સુધારો.

(ક) પેટા-કલમ (૧)માં, પ્રથમ પરંતુકમાં,-

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ક) કલમ ૧૩૨-ની પેટા-કલમ (૧)ના ખંડો (ક) થી (છ), (ઝ), (ટ) અને (ઢ)માં નિર્દિષ્ટ કરેલા ગુના પૈકીના કોઈ ગુનાના સંબંધમાં, જેને એક વખત માંડવાળ કરવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યક્તિને;";

(૨) ખંડ (ખ) કમી કરવો;

(૩) ખંડ (ગ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ગ) કલમ ૧૩૨-ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) હેઠળનો ગુનો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી વ્યક્તિને;";

(૪) ખંડ (ચ) કમી કરવો.

(ખ) પેટા-કલમ (૨)માં, "દસ હજાર રૂપિયા કરતાં ઓછી નહિ તેટલી ન્યૂનતમ રકમ અથવા સંબંધિત વેરાના પચાસ ટકા, બેમાંથી જે વધુ હોય તેને અને ત્રીસ હજાર રૂપિયા કરતાં ઓછી નહિ તેટલી મહત્તમ રકમ અથવા વેરાના એકસો અને પચાસ ટકા, બેમાંથી જે વધુ હોય તેને" એ શબ્દોને બદલે, "સંબંધિત વેરાની પચીસ ટકા રકમ અને સંબંધિત વેરાના એક સો ટકા કરતા વધુ નહિ તેટલી મહત્તમ રકમ" એ શબ્દો મૂકવા.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમમાં નવી કલમ ૧૫૮ક દાખલ કરવા બાબત.

**૨૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫૮ પછી, નીચેની કલમ દાખલ કરવી:-

વેરાપાત્ર વ્યક્તિએ રજૂ કરેલ માહિતી, સંમતિ આધારિત ધોરણે પૂરી પાડવા બાબત.

"**૧૫૮ ક.** **(૧)** કલમો ૧૩૩, ૧૫૨ અને ૧૫૮-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રજિસ્ટર થયેલી વ્યક્તિએ રજૂ કરેલી નીચેની વિગતો, પેટા-કલમ (૨)ની જોગવાઇઓને અધીન રહીને અને કાઉન્સિલની ભલામણોને આધારે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને, સરકાર જાહેર કરે તેવા અન્ય તંત્રને કોમન પોર્ટલ દ્વારા આપી શકાશે:-

(ક) કલમ ૨૫ હેઠળ રજિસ્ટ્રેશન માટેની અરજીમાં અથવા કલમ ૩૯ હેઠળ અથવા કલમ ૪૪ હેઠળ ફાઇલ કરેલ પત્રકમાં રજૂ કરેલી વિગતો;

(ખ) કલમ ૩૭ હેઠળ ભરતિયું તૈયાર કરવા માટે કોમન પોર્ટલ પર અપલોડ કરેલી જાવક પુરવઠાની વિગતો અને કલમ ૬૮ હેઠળ દસ્તાવેજો તૈયાર કરવા માટે કોમન પોર્ટલ પર અપલોડ કરેલી વિગતો;

(ગ) ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો.

(૨) પેટા-કલમ (૧) હેઠળની વિગતો પૂરી પાડવાના હેતુઓ માટે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે,-

(ક) પેટા-કલમ (૧)ના ખંડો (ક), (ખ) અને (ગ) હેઠળ રજૂ કરેલી વિગતોનાં સંબંધમાં, પુરવઠાકારની; અને

(ખ) તેવી વિગતોમાં (માલ અથવા સેવા) લેનારની ઓળખની માહિતીનો સમાવેશ થતો હોય ત્યારે જ, પેટા-કલમ (૧)ના ખંડ (ખ) હેઠળ અને પેટા-કલમ (૧)ના ખંડ (ગ) હેઠળ રજૂ કરેલી વિગતોના સંબંધમાં, (માલ અથવા સેવા) લેનારની,

-સંમતિ મેળવવી જોઇશે.

(૩) તત્સમયે અમલમાં હોય તેવા કોઇપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ કલમ હેઠળ પૂરી પાડેલી માહિતીના પરિણામે ઊભી થતી કોઇપણ જવાબદારીના સંબંધમાં, સરકાર અથવા કોમન પોર્ટલની સામે કોઇપણ કાર્યવાહી થઇ શકશે નહિ અને સંબંધિત પુરવઠા પર અથવા સંબંધિત પત્રક પ્રમાણે વેરો ચૂકવવાની જવાબદારી પર તેની કોઇ અસર થશે નહિ.".

૨૬. મુખ્ય અધિનિયમમમાં, અનુસૂચિ ૩માં,- સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની અનુસૂચિ ૩માંની અમુક પ્રવૃત્તિઓ અને લેવડદેવડોમાં સુધારા અને તેને પશ્ચાદવર્તી અસરથી મુક્તિ.

(ક) પરિચ્છેદ ૬માં, "લોટરી, સટ્ટા અને જુગાર" એ શબ્દોને બદલે, "નિર્દિષ્ટ કરેલા દાવાપાત્ર હકો" એ શબ્દો મૂકવા.

(ખ) (૧) (સન ૨૦૧૮ના અધિનિયમ ક્રમાંક. ૧૪ની કલમ ૩૧થી દાખલ કર્યા પ્રમાણેના) પરિચ્છેદ ૭ અને ૮ અને તેનું સ્પષ્ટીકરણ ૨, સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ તેમાં દાખલ કર્યા હોવાનું ગણાશે.

(૨) વસૂલ કરવામાં આવેલા પરંતુ તમામ મોટાભાગના સમયે પેટા-કલમ (૧) અમલમાં હોત, તો વસૂલ કરવામાં આવ્યા ન હોત તેવા તમામ વેરાનું કોઇપણ રિફંડ કરવામાં આવશે નહિ.

૨૭. આ અધિનિયમ હેઠળ કરેલા સુધારાથી, સટ્ટો, કેસિનો (જુગારનો અડ્ડો), જુગાર, ઘોડાદોડ, લોટરી અથવા ઓનલાઇન ગેમિંગને પ્રતિબંધિત, નિયંત્રિત કરવા અથવા તેનું નિયમન કરતી જોગવાઇ કરતા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈઓને બાધ આવશે નહિ. વચગાળાની જોગવાઇઓ.

સન ૨૦૨૩નો ગુજરાત વટહુકમ ક્રમાંક. ૧.

૨૮. (૧) ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વટહુકમ, ૨૦૨૩ આથી રદ કરવામાં આવે છે. રદ કરવા બાબત અને અપવાદ.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો હોવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭, ગુજરાત સરકાર દ્વારા માલ અથવા સેવા અથવા તે બંનેના રાજ્યાંતર્ગત (રાજ્યની અંદર) પુરવઠા પર વેરો લેવા અને તેની વસૂલાત કરવા માટેની જોગવાઇ કરવાના ઉદ્દેશથી અધિનિયમિત કરવામાં આવ્યો હતો.

માલ અને સેવા વેરા કાઉન્સિલ દ્વારા તેની ૪૮મી અને ૪૯મી બેઠકમાં, માલ અને સેવા વેરા કાયદામાં સુધારા કરવા ફરમાવતા જુદા-જુદા નિર્ણયો લેવામાં આવ્યા છે. તદનુસાર, સંસદ દ્વારા નાણા અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૮મા)થી, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ૧૨મા) અને સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ૧૩મા)માં સુધારા કરવામાં આવ્યા હતા. માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોનો શક્ય તેટલો જલદી અમલ કરવાના ઉદ્દેશથી અને કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ અને ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની જોગવાઈઓ લાગુ પાડવામાં એકરૂપતા જળવાય તે માટે, ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વટહુકમ, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ગુજરાતનો વટહુકમ ક્રમાંક.૧) પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, માલ અને સેવા વેરા કાઉન્સિલે તેની ૫૦મી અને ૫૧મી બેઠકમાં કેસીનો, હોર્સ રેસિંગ અને ઓનલાઇન ગેમિંગની વેરાપાત્રતા અંગેના મુદ્દાઓ પર વિવિધ મંડળો (એસોસિએશનો)ની રજૂઆતને વિચારણામાં લીધી હતી અને કેસીનો, હોર્સ રેસિંગ અને ઓનલાઇન ગેમિંગની વેરાપાત્રતા અંગે સ્પષ્ટતા કરવા માટે માલ અને સેવા વેરા કાયદામાં કેટલાક સુધારા કરવાની ભલામણ કરી હતી.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વટહુકમ, ૨૦૨૩ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા, સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે અને સદરહુ વટહુકમના સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ અધિનિયમિત કરવા પણ ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક અગત્યની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવેલી છે:-

**કલમ ૧.-** આ કલમથી, ટૂંકી સંજ્ઞા અને આરંભ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી, "ઓનલાઈન ગેમિંગ", "ઓનલાઈન મની ગેમિંગ", "નિર્દિષ્ટ દાવાપાત્ર હક" અને "વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ" એ શબ્દપ્રયોગોની વ્યાખ્યા કરવા ધાર્યું છે. વધુમાં, તેનાથી "પુરવઠાકાર"ની વ્યાખ્યામાં પરંતુક દાખલ કરવા ધાર્યું છે, જેથી કરીને "નિર્દિષ્ટ દાવાપાત્ર હક"ના પુરવઠાના કિસ્સામાં "પુરવઠાકાર"ને લગતી સ્પષ્ટતા કરી શકાય.

**કલમ ૩.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૦-માં, પેટા-કલમ (૨)નો ખંડ (ઘ) અને પેટા-કલમ (૨ ક)નો ખંડ (ગ) સુધારવા ધાર્યું છે, જેથી કરીને પતાવટ વેરા હેઠળ વેરો ચૂકવવાનો વિકલ્પ લેતી, ઇલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટરો મારફત માલ પૂરો પાડવામાં રોકાયેલી રજિસ્ટર થયેલી વ્યક્તિઓ પર લાદવામાં આવેલા પ્રતિબંધને દૂર કરી શકાય.

**કલમ ૪.-** આ કલમથી, સદરહુ અધિનિયમમાં જોગવાઇ કરેલ પત્રક ફાઇલ કરવાની પદ્ધતિ (રિટર્ન ફાઇલિંગ સિસ્ટમ) સાથે સદરહુ પેટા-કલમને સમરૂપ કરવા માટે ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૬ની પેટા-કલમ (૨)ના બીજા અને ત્રીજા પરંતુકોમાં સુધારો કરવા ધાર્યું છે.

**કલમ ૫.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૭ની પેટા-કલમ (૩)ના સ્પષ્ટીકરણમાં સુધારો કરવા ધાર્યું છે, જેથી કરીને સદરહુ અધિનિયમની અનુસૂચિ ૩ના પરિચ્છેદ ૮ના ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલ અમુક લેવડદેવડોના સંબંધમાં, આવી લેવડદેવડોના મૂલ્યને મુક્તિ આપેલા પુરવઠાના મૂલ્યમાં સમાવિષ્ટ કરીને, નિયમોથી જોગવાઇ કરે તેવી, ઇનપુટ વેરા શાખની પ્રાપ્તિ પર નિયંત્રણ મૂકી શકાય.

તેનાથી, પેટા-કલમ (૫) પણ સુધારવા ધાર્યું છે, જેથી કરીને એવી જોગવાઇ કરી શકાય કે કંપની અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના કેન્દ્રીય અધિનિયમ ક્રમાંક.૧૮)ની કલમ ૧૩૫-માં ઉલ્લેખિત કોર્પોરેટ (કંપનીની) સામાજિક જવાબદારી હેઠળની તેની જવાબદારીઓને લગતી પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરવામાં આવે અથવા ઉપયોગ કરવા ધાર્યું હોય તેવો, વેરાપાત્ર વ્યક્તિ દ્વારા મેળવેલ માલ અથવા સેવાઓ અથવા તે બંનેના સંબંધમાં ઇનપુટ વેરા શાખ ઉપલભ્ય ન થઇ શકે.

**કલમ ૬.-** આ કલમથી, સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી પશ્ચાદ્‌વર્તી અસરથી અમલમાં આવે તેમ, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨૩ની પેટા-કલમ (૨) સુધારવા ધાર્યું છે, જેથી કરીને કલમ ૨૨-ની પેટા-કલમ

(૧) અને કલમ ૨૪ પર સદરહુ કલમની ઉપરવટ અસર માટેની જોગવાઇ કરી શકાય.

**કલમ ૭.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માં નવી કલમ ૨૪ દાખલ કરવા ધાર્યું છે, જેથી કરીને ભારત બહારની વ્યક્તિએ ભારતમાંની વ્યક્તિને પૂરા પાડેલ ઓનલાઈન મની ગેમિંગના પુરવઠા માટે ફરજિયાત રજિસ્ટ્રેશનની જોગવાઈ કરી શકાય.

**કલમ ૮.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૩૦ સુધારવા ધાર્યું છે, જેથી કરીને ઠરાવેલી શરતો અને નિયંત્રણો સાથે રજિસ્ટ્રેશન રદ કરવાની બાબત રદબાતલ કરવા માટેની સમયમર્યાદા અને રીતની જોગવાઈ કરી શકાય.

**કલમ ૯.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૩૭માં નવી પેટા-કલમ (૫) દાખલ કરવા ધાર્યું છે, જેથી કરીને રજિસ્ટર થયેલી વ્યક્તિ જેટલી સમયમર્યાદામાં વેરા મુદત માટે સદરહુ કલમની પેટા-કલમ (૧) હેઠળ જાવક પુરવઠાની વિગતો પૂરી પાડી શકે તેટલી ત્રણ વર્ષ સુધીની સમય મર્યાદાની જોગવાઇ કરી શકાય. વધુમાં, તેનાથી, કાઉન્સિલની ભલામણોના આધારે, અમુક શરતો અને નિયંત્રણોને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યક્તિ અથવા રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગ માટે સદરહુ સમય મર્યાદા, જાહેરનામાથી લંબાવવા માટે સરકારને સત્તા આપવા ધાર્યું છે.

**કલમ ૧૦.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૩૯માં નવી પેટા-કલમ (૧૧) દાખલ કરવા ધાર્યું છે, જેથી કરીને રજિસ્ટર થયેલી વ્યક્તિ જેટલી સમયમર્યાદા સુધીમાં વેરા મુદત માટેનું પત્રક પૂરું પાડી શકે તેવી ત્રણ વર્ષ સુધીની સમય મર્યાદાની જોગવાઇ કરી શકાય. વધુમાં, તેનાથી, કાઉન્સિલની ભલામણોના આધારે, અમુક શરતો અને નિયંત્રણોને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યક્તિ અથવા રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગ માટે સદરહુ સમય મર્યાદા, જાહેરનામાથી લંબાવવા માટે સરકારને સત્તા આપવા ધાર્યું છે.

**કલમ ૧૧.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૪૪માં નવી પેટા-કલમ (૨) દાખલ કરવા ધાર્યું છે, જેથી કરીને, સદરહુ કલમની પેટા-કલમ (૧) હેઠળ કોઈ નાણાકીય વર્ષ માટે વાર્ષિક પત્રક રજિસ્ટર થયેલી વ્યક્તિએ રજૂ કરવાની સમયમર્યાદા ત્રણ વર્ષ સુધીની કરી શકાય. વધુમાં તેનાથી,

સરકારને, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, અમુક શરતો અને નિયંત્રણોને અધીન રહીને, રજિસ્ટર થયેલી વ્યક્તિ અથવા રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગ માટે સદરહુ સમયમર્યાદા લંબાવવાની સત્તા આપવા ધાર્યું છે.

**કલમ ૧૨.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૫૨માં નવી પેટા-કલમ (૧૫) દાખલ કરવા ધાર્યું છે, જેથી કરીને કોઈ મહિના માટે સદરહુ કલમની પેટા-કલમ (૪) હેઠળ પત્રક (સ્ટેટમેન્ટ) ઇલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટરે રજૂ કરવાની સમયમર્યાદા ત્રણ વર્ષ સુધીની કરી શકાય. વધુમાં તેનાથી, સરકારને, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, અમુક શરતો અને નિયંત્રણોને અધીન રહીને, ઓપરેટર અથવા ઓપરેટરોના વર્ગ માટે સદરહુ સમયમર્યાદા લંબાવવાની સત્તા આપવા ધાર્યું છે.

**કલમ ૧૩.-** આ કલમથી, પ્રસંગોપાત સ્વીકારેલી ઇનપુટ વેરા શાખની રકમનો ઉલ્લેખ કમી કરીને, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૫૪-ની પેટા-કલમ (૬) સુધારવા ધાર્યું છે, જેથી કરીને તેને સદરહુ કલમ ૪૧-ની પેટા-કલમ (૧) મુજબ સ્વ-આકારણી કરાયેલી ઈનપુટ વેરા શાખ મેળવવાની વર્તમાન યોજના સાથે સમરૂપ કરી શકાય.

**કલમ ૧૪.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૫૬-ને સુધારવા ધાર્યું છે, જેથી કરીને વિલંબિત રિફંડ પરના વ્યાજની ગણતરી માટેની વિલંબની મુદતની ગણતરીની રીતની નિયમોથી જોગવાઈ કરી શકાય.

**કલમ ૧૫.-** આ કલમથી, કલમ ૬૨-ની પેટા-કલમ (૧) હેઠળ આકારણી હુકમ પાછો ખેંચવા માટેના ત્રીસ દિવસના સમયગાળાને સાઠ દિવસ સુધી લંબાવવા માટે ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૬૨ની પેટા-કલમ (૨) સુધારવા ધાર્યું છે. વધુમાં, તેનાથી, કલમ ૫૦ હેઠળ વ્યાજની સાથે કલમ ૬૨ની પેટા-કલમ (૧) હેઠળ આકારણી હુકમની બજવણીના સાઠ દિવસથી વધુ દિવસના વિલંબના દરેક દિવસ માટે વધારાની સો રુપિયાની વિલંબ ફીની ચુકવણી કર્યેથી અથવા કલમ ૪૭ હેઠળ વિલંબ ફી ચૂકવવા માટે કલમ ૬૨-ની પેટા-કલમ (૧) હેઠળ આકારણી હુકમ પાછો ખેંચવા માટે સાઠ દિવસની મુદતથી વધુ મુદતની જોગવાઇ કરવાના ઉદ્દેશથી નવો પરંતુક દાખલ કરવા ધાર્યો છે.

**કલમ ૧૬.-** આ કલમથી, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માં કરેલા સુધારા સાથે સુસંગત થાય તે રીતે, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની વિદ્યમાન કલમ ૧૦૯ બદલવા ધાર્યું છે. કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૦૯ની જોગવાઇઓથી અપીલ ટ્રિબ્યુનલની સ્થાપના કરવી જોઇશે અને તેને, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ અપનાવવી જોઇશે.

**કલમ ૧૭.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૧૦ કમી કરવા ધાર્યું છે. ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માંની વિદ્યમાન કલમથી, અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને સભ્યો માટે, તેમની લાયકાતો, નિમણૂક, સેવાની શરતો વગેરેની જોગવાઇ કરી છે. અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને સભ્યો માટેની લાયકાતો, નિમણૂક, સેવાની શરતો વગેરે, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૧૦ની જોગવાઇઓ અનુસાર સ્થાપિત કરવી જોઇશે અને તેને, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ અપનાવવી જોઇશે.

**કલમ ૧૮.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૧૪ કમી કરવા ધાર્યું છે. ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માંની વિદ્યમાન કલમ ૧૧૪થી, રાજ્ય અધ્યક્ષની નાણાકીય અને વહીવટી સત્તાઓ માટેની જોગવાઇ કરી છે. અધ્યક્ષની નાણાકીય અને વહીવટી સત્તાઓ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૧૪ની જોગવાઇઓ અનુસાર સ્થાપિત કરવી જોઇશે અને તેને, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ અપનાવવી જોઇશે.

**કલમ ૧૯.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૧૭માં, વિદ્યમાન "રાજ્ય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ" એ શબ્દપ્રયોગને બદલે, "રાજ્ય બેન્ચ" એ શબ્દપ્રયોગ મૂકવા ધાર્યું છે.

**કલમ ૨૦.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૧૮માં, વિદ્યમાન "રાષ્ટ્રીય બેન્ચ અથવા પ્રાદેશિક બેન્ચ" એ શબ્દપ્રયોગને બદલે, "મુખ્ય બેન્ચ" એ શબ્દપ્રયોગ મૂકવા ધાર્યું છે.

**કલમ ૨૧.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૧૯માં, વિદ્યમાન "રાષ્ટ્રીય બેન્ચ અથવા પ્રાદેશિક બેન્ચ" એ શબ્દપ્રયોગને બદલે, "મુખ્ય બેન્ચ" એ શબ્દપ્રયોગ અને વિદ્યમાન "રાજ્ય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ" એ શબ્દપ્રયોગને બદલે, "રાજ્ય બેન્ચ" એ શબ્દપ્રયોગ મૂકવા ધાર્યું છે.

**કલમ ૨૨.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૨૨ માં નવી પેટા-કલમ (૧ખ) દાખલ કરવા ધાર્યું છે, જેથી કરીને રજિસ્ટર ન થયેલી વ્યક્તિઓ અથવા પતાવટ વેરાદાતા દ્વારા, તેમના મારફત પૂરા પાડવામાં આવેલા માલ અથવા સેવાના પુરવઠાને લગતી જોગવાઇઓના ઉલ્લંઘનના કિસ્સામાં, ઇલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટરોને લાગુ પડતી શિક્ષાત્મક જોગવાઇઓ કરી શકાય.

**કલમ ૨૩.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૧૩૨-ની પેટા-કલમ (૧)ના ખંડો (જ), (ઠ) અને (ડ)-માં નિર્દિષ્ટ કરેલા ગુનાને ગુનાહિત નહિ ઠેરવવા માટે તેમજ માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડ્યા વગર ભરતિયા કાઢી આપવાને લગતા ગુના સિવાયના, ગુના માટેની ફોજદારી કાર્યવાહી શરૂ કરવા માટેની નાણાકીય મર્યાદા એકસો લાખ રૂપિયાથી બસો લાખ રૂપિયા સુધી વધારવા માટે, સદરહુ કલમની વિદ્યમાન પેટા-કલમ (૧) સુધારવા ધાર્યું છે.

**કલમ ૨૪.-** આ કલમથી, માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડ્યા વગર ભરતિયા કાઢી આપવાને લગતા ગુનામાં સંડોવાયેલી વ્યક્તિઓને, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળના ગુનાની માંડવાળના વિકલ્પમાંથી બાકાત કરવા માટે, સદરહુ અધિનિયમની કલમ ૧૩૮-ની પેટા-કલમ (૧)નો વિદ્યમાન પ્રથમ પરંતુક સુધારવા ધાર્યું છે. વધુમાં તેનાથી, માંડવાળની ન્યૂનતમ તેમજ મહત્તમ રકમ ઘટાડીને, વિવિધ ગુનાની માંડવાળની રકમને સુસંગત બનાવવા માટે, વિદ્યમાન પેટા-કલમ (૨) સુધારવા ધાર્યું છે.

**કલમ ૨૫.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માં નવી કલમ ૧૫૮ક દાખલ કરવા ધાર્યું છે, જેથી કરીને રજિસ્ટર થયેલી વ્યક્તિએ, તેની રજિસ્ટ્રેશન માટેની અરજીમાં અથવા તેણે પૂરા પાડેલા પત્રકમાં અથવા તેના જાવક પુરવઠાના પત્રકમાં અથવા ઇલેક્ટ્રોનિક ઇન્વોઇસ (ભરતિયા) અથવા ઇ-વે બિલ જનરેટ કરવા માટે તેણે અપલોડ કરેલી વિગતોને કોમન પોર્ટલ દ્વારા નિયમોથી

જોગવાઇ કર્યા પ્રમાણે જાહેર કરવામાં આવે તેવા અન્ય તંત્રને કોઇ અન્ય વિગતોમાં રજૂ કરેલી માહિતી આપવા માટેની રીત અને શરતોની જોગવાઇ કરી શકાય.

**કલમ ૨૬.-** આ કલમથી, અધિનિયમની અનુસૂચિ ૩ ના પરિચ્છેદ ૬માં હાલની નોંધો "લોટરી, સટ્ટો અને જુગાર"ને બદલે, "નિર્દિષ્ટ દાવાપાત્ર હક" મૂકવા ધાર્યું છે, જેથી કરીને કેસિનો, ઘોડાદોડ અને ઓનલાઈન ગેમિંગ દ્વારા અથવા તેમાં સામેલ દાવાપાત્ર હકોની વેરાપાત્રતા અંગે સ્પષ્ટતા પૂરી પાડી શકાય. વધુમાં તેનાથી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની હાલની અનુસૂચિ ૩માં સુધારો કરવા ધાર્યું છે, જેથી કરીને સદરહુ અનુસૂચિના પરિચ્છેદો ૭ અને ૮ અને સ્પષ્ટીકરણ ૨-ને, સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ પશ્ચાદવર્તી રીતે લાગુ પાડી શકાય.

**કલમ ૨૭.-** આ કલમથી, આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલ સુધારાઓથી અન્ય કોઈપણ કાયદાની સટ્ટાબાજી, કેસિનો, જુગાર, ઘોડાદોડ, લોટરી અથવા ઓનલાઈન ગેમિંગને પ્રતિબંધિત કરતી અથવા નિયંત્રિત કરતી અથવા નિયમિત કરતી જોગવાઈઓને બાધ આવશે નહિ, એવી જોગવાઈ કરવા ધાર્યું છે.

**કલમ ૨૮.-** આ કલમથી સન ૨૦૨૩નો ગુજરાતનો વટહુકમ ક્રમાંક ૧ રદ કરવા અને તેના અપવાદ માટેની જોગવાઈ કરવા ધાર્યું છે.

**કનુભાઇ દેસાઇ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરી છે -

**કલમ ૨.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, કલમ ૧, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, કલમ ૨૬ના ખંડ (ખ) અને કલમ ૨૮ સિવાયની બાકીની કલમો જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૪.-** ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ ૨૦૧૭ની કલમ ૧૭ની પેટા-કલમ (૩)માંનું સ્પષ્ટીકરણ કે જેનાથી સ્પષ્ટ થાય છે કે, "મુક્તિ આપવામાં આવ્યા હોય તેવા પુરવઠાનું મૂલ્ય" એ શબ્દપ્રયોગમાં, અનુસૂચિ ૩માં નિર્દિષ્ટ કરેલી અમુક પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડો સિવાય, તેમાં નિર્દિષ્ટ કરેલી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડના મૂલ્યનો સમાવેશ થશે નહિ. સદરહુ સ્પષ્ટીકરણના ખંડ (૨)થી રાજ્ય સરકારને અનુસૂચિ ૩ના પરિચ્છેદ ૮માં ખંડ (ક)ના સંબંધમાં એવી બાકાત કરેલી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડોનું મૂલ્ય, નિયમોથી, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૫.-** આ કલમથી, બદલવા ધારેલી કલમ ૨૩ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, કાઉન્સિલની ભલામણોને આધારે, જે શરતો અને નિયંત્રણોને અધીન રહીને, અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન મેળવવામાંથી વ્યક્તિઓના વર્ગને મુક્તિ આપી શકાશે તે શરતો અને નિયંત્રણો, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૨.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૫૬માં અમુક શબ્દો બદલીને, રાજ્ય સરકારને તે (કલમ)માં નિર્દિષ્ટ કરેલી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસથી વધુના વિલંબની મુદતથી રિફંડની તારીખ સુધીની મુદત માટે, ચૂકવવાપાત્ર રિફંડના સંબંધમાં વ્યાજની ગણતરીની રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૩.-** આ કલમથી, દાખલ કરવા ધારેલી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની નવી કલમ ૧૫૮ક દાખલ કરવા ધાર્યું છે. સદરહુ કલમની પેટા-કલમ (૧)થી રાજ્ય સરકારને કાઉન્સિલની ભલામણોને આધારે, જે વિગતો આપવાની હોય તે અને જે રીતે અને જે શરતોને અધીન રહીને, તેણે જાહેર કરેલા હોય તેવા અન્ય

તંત્રને કોમન પોર્ટલ દ્વારા વિગતો આપવાની હોય તે રીત અને શરતો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

જે બાબતોના સંબંધમાં, વિધેયકની જોગવાઇઓ અનુસાર નિયમો કરવામાં આવે અથવા જાહેરનામાં અથવા હુકમ બહાર પાડવામાં આવે તે બાબતો, કાર્યરીતિ વિષયક અને વહીવટી પ્રકારની છે અને તેથી તેનો ધારાકીય સત્તાની સોંપણીમાં ઉલ્લેખ કર્યો નથી.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ **કનુભાઇ દેસાઇ.**

## પુરવણી

## ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) માંથી ઊતારા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(૧) થી (૧૦૪) xxx xxx xxx

(૧૦૫) માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં "પુરવઠાકાર" એટલે સદરહુ માલ અથવા સેવા અથવા તે બંને પૂરી પાડનાર વ્યક્તિ અને તેમાં પૂરા પાડવામાં આવેલા માલ અથવા સેવા અથવા તે બંનેના સંબંધમાં આવા પુરવઠાકાર વતી તે તરીકે કાર્ય કરતા એજન્ટનો સમાવેશ થશે;

(૧૦૬) થી (૧૨૦) xxx xxx xxx

૧૦. (૧) xxx xxx xxx

પતાવટ-વેરા બાબત.

(૨) રજિસ્ટર થયેલ વ્યક્તિ,

(ક) થી (ગ) xxx xxx xxx

(ઘ) જો તે કલમ ૫૨ હેઠળ જેણે સ્થળ પર વેરો વસૂલ કરવાનો જરૂરી હોય તેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત માલનો અથવા સેવાઓનો કોઈ પુરવઠો મોકલવામાં રોકાયેલો ન હોય;

(ચ) અને (છ) xxx xxx xxx

-તો તે, પેટા-કલમ (૧) હેઠળનો વિકલ્પ પસંદ કરવા માટે પાત્ર ગણાશે:

(૨-ક) આ અધિનિયમમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, પણ કલમ ૯-ની પેટા-કલમો (૩) અને (૪)ની જોગવાઈઓને અધીન રહીને, પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨) હેઠળ વેરો ભરવાનો વિકલ્પ પસંદ કરવા માટે પાત્ર ન હોય અને અગાઉના નાણાકીય વર્ષમાં જેનું એકંદર ટર્નઓવર પચાસ લાખ રૂપિયા કરતાં વધુ રહ્યું ન હોય તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિ,-

(ક) અને (ખ) xxx xxx xxx

(ગ) તે કલમ ૫૨ હેઠળ જેણે સ્થળ પર વેરો વસૂલ કરવાનો જરૂરી હોય તેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત માલ અથવા સેવાનો કોઈ પુરવઠો મોકલવામાં રોકાયેલી ન હોય;

(ઘ) અને (ચ) xxx xxx xxx

તો તે, કલમ ૯ની પેટા-કલમ (૧) હેઠળ તેણે ભરવાપાત્ર વેરાને બદલે, ઠરાવવામાં આવે તેવા દરે ગણતરી કરેલી પણ રાજયમાં ટર્નઓવરના ત્રણ ટકાથી વધુ ન હોય તેટલી રકમ ભરવાનો વિકલ્પ પસંદ કરી શકશેઃ

(૩) થી (૫) xxx xxx xxx

ઇનપુટ વેરા શાખ લેવા માટેની યોગ્યતા અને શરતો.

**૧૬.** (૧) xxx xxx xxx xxx

(૨) આ કલમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રજિસ્ટર થયેલી કોઇપણ વ્યક્તિ, માલ અથવા સેવા અથવા તે બન્નેના કોઇ પુરવઠાના સંબંધમાં કોઇ ઇનપુટ વેરાની શાખ માટે હકદાર રહેશે, સિવાય કે,-

(ક) થી (ઘ) xxx xxx xxx

પરંતુ ભરતિયા સામે માલ જથ્થા અથવા હપ્તામાં મેળવ્યો હોય, ત્યારે રજિસ્ટર થયેલી વ્યક્તિ, છેલ્લા જથ્થા અથવા હપ્તાની પહોંચને આધારે શાખ લેવા માટે હકદાર રહેશે:

વધુમાં, પુરવઠો પ્રાપ્ત કરનાર, માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાકારને ચુકવણી કરવામાં નિષ્ફળ રહે, ત્યારે, વિપરીત ચાર્જના અધારે વેરો ભરવાપાત્ર હોય તેવા પુરવઠા સિવાય, પુરવઠાના મૂલ્ય ઉપર ભરવાપાત્ર વેરા સહિત પુરવઠાના મૂલ્ય માટેની રકમ, પુરવઠાકાર દ્વારા ભરતિયું કાઢી આપવામાં આવે તે તારીખથી એકસો એંસી દિવસની મુદતની અંદર, પ્રાપ્ત કરનારે મેળવેલી ઇનપુટ વેરા શાખની જેટલી રકમ હોય તેટલી રકમ તેની આઉટપુટ વેરા જવાબદારીમાં તેના વ્યાજ સહિત, ઠરાવવામાં આવેલી રીતે ઉમેરવી જોઇશે :

વળી, માલ અથવા સેવા અથવા તે બન્નેના, તેના ઉપર ભરવાપાત્ર વેરા સહિતના પુરવઠા મૂલ્ય સામે ભરવાની થતી રકમ ભર્યેથી, પુરવઠો પ્રાપ્ત કરનાર, ઇનપુટ વેરાની શાખ મેળવવા માટે હકદાર રહેશે.

(૩) અને (૪) xxx xxx xxx

**૧૭.** (૧) અને (૨) xxx xxx xxx

**શાખ અને બ્લોક કરેલા શાખની વહેંચણી બાબત.**

(૩) પેટા-કલમ (૨) હેઠળ મુક્તિ આપવામાં આવ્યા હોય તેવા પુરવઠાનું મૂલ્ય, ઠરાવવામાં આવે તેટલું રહેશે અને તેમાં પુરવઠો પ્રાપ્ત કરનાર, જે પુરવઠા પર વિપરીત ચાર્જના આધારે વેરો ભરવા, જામીનગીરીથી લેવડદેવડ કરવા, જમીનનું વેચાણ કરવા અને અનુસૂચિ ૨-ના પરિચ્છેદ ૫-ના ખંડ (ખ) ને અધીન રહીને, મકાનનું વેચાણ કરવા માટે જવાબદાર હોય તેવા પુરવઠાનો સમાવેશ થશે.

**સ્પષ્ટીકરણ**.- આ પેટા-કલમના હેતુઓ માટે, "મુક્તિ આપવામાં આવ્યા હોય તેવો પુરવઠાનું મૂલ્ય" એ શબ્દપ્રયોગમાં, અનુસૂચિ ૩ના પરિચ્છેદ ૫ માં નિર્દિષ્ટ કર્યા હોય તે સિવાયના સદરહુ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડના મૂલ્યનો સમાવેશ થશે નહિ.

(૪) થી (૬) xxx xxx xxx

**૨૩.** (૧) xxx xxx xxx

**રજિસ્ટ્રેશન માટે જવાબદાર ન હોય તેવી વ્યક્તિઓ.**

(૨) સરકાર, કાઉન્સિલની ભલામણ પર, જાહેરનામા દ્વારા, આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન મેળવવામાંથી મુક્તિ આપી શકાય તેમ હોય, તેવી વ્યક્તિઓના વર્ગને નિર્દિષ્ટ કરી શકશે.

**૨૪.** કલમ ૨૨-ની પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નીચેના વર્ગની વ્યક્તિઓને આ અધિનિયમ હેઠળ, રજિસ્ટર કરાવવું જરૂરી રહેશે.-

**અમુક કિસ્સામાં ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવા બાબત.**

(૧) થી (૧૦) xxx xxx xxx

(૧૧) રજિસ્ટર થયેલી વ્યક્તિ સિવાયની, ભારત બહારના સ્થળથી ભારતમાં કોઇ વ્યક્તિને ઓનલાઇન માહિતી અથવા ડેટા બેઝ પ્રવેશ અથવા પુન:પ્રાપ્તિ સેવાઓ પૂરી પાડતી દરેક વ્યક્તિ; અને

(૧૨) xxx xxx xxx

**૩૦.** (૧) ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, રજિસ્ટર થયેલી કોઇ વ્યક્તિ જેનું રજિસ્ટ્રેશન, યોગ્ય અધિકારી દ્વારા આપમેળે રદ કરવામાં આવ્યું હોય, તે આવા અધિકારીને, રદ કર્યાનો હુકમ બજાવ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર, એવું રજિસ્ટ્રેશન રદ કરવાને રદબાતલ કરવા માટે, ઠરાવેલી રીતે અરજી કરી શકશે:

**રદ કરેલું રજિસ્ટ્રેશન રદ બાતલ કરવા બાબત.**

પરંતુ આવી મુદત, પૂરતું કારણ દર્શાવીને અને લેખિતમાં કારણોની નોંધ કરીને,-

(ક) ત્રીસ દિવસથી વધુ નહિ તેટલી મુદત માટે, નાયબ કમિશનર દ્વારા;

(ખ) ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલી મુદતથી વધુ, ત્રીસ દિવસથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, સંયુક્ત કમિશનર દ્વારા,

લંબાવી શકાશે.#

(૨) અને (૩) xxx xxx xxx

જાવક પુરવઠાની વિગતો પૂરી પાડવા બાબત.

૩૭. (૧) ઇનપુટ સેવા વિતરણકર્તા સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ, વેરાપાત્ર બિન-નિવાસી વ્યક્તિ અને કલમ ૧૦ અથવા કલમ ૫૧ અથવા કલમ ૫૨-ની જોગવાઇઓ હેઠળ વેરો ચૂકવતી વ્યક્તિએ ઇલેક્ટ્રોનિક રીતે, સદરહુ વેરા મુદત પછીના મહિનાના દસમા દિવસે અથવા તે પહેલાં વેરા મુદત દરમિયાન માલ અથવા સેવાના જાવક પુરવઠા અથવા તે બન્નેની વિગતો, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે રજૂ કરવી જોઇશે તથા આવી વિગતો, ઠરાવવામાં આવે તેટલા સમયમાં અને તેવી રીતે, સદરહુ પુરવઠાના લેનારને જણાવવી જોઇશે:

પરંતુ રજિસ્ટર થયેલી વ્યક્તિને, વેરા મુદત પછીના મહિનાના અગિયારમા દિવસથી પંદરમા દિવસ સુધીની મુદત દરમિયાનના જાવક પુરવઠાની વિગતો રજૂ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ:

વધુમાં, કમિશનર, કારણોની લેખિતમાં નોંધ કરીને, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી વેરાપાત્ર વ્યક્તિઓના તેવા વર્ગ માટે એવી વિગતો રજૂ કરવા માટેની સમયમર્યાદા વધારી શકશે:

વળી, કેન્દ્રીય વેરા કમિશનર દ્વારા જાહેર કરવાનો સમયમર્યાદાનો કોઇ વધારો, કમિશનર-એ જાહેર કર્યો હોવાનું ગણાશે.

(૨) અને (૩) xxx xxx xxx

વાર્ષિક પત્રક.

૪૪. ઇનપુટ સેવા વિતરક, કલમ ૫૧ અથવા કલમ ૫૨ હેઠળ વેરો ચૂકવતી વ્યક્તિ, પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ અને બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિ સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર, તેવા નમૂનામાં અને તેવી રીતે ઇલેક્ટ્રોનિક સ્વરૂપે વાર્ષિક

પત્રક રજૂ કરવું જોઇશે, જેમાં દરેક નાણાકીય વર્ષ માટેના ઓડિટ થયેલા વાર્ષિક નાણાકીય પત્રક સાથે નાણાકીય વર્ષ માટે રજૂ કરેલા પત્રકમાં જાહેર કરેલી પુરવઠાની કિંમતનો મેળ કરતાં સ્વ-પ્રમાણિત મેળવણી પત્રકનો સમાવેશ થઇ શકશે:

પરંતુ કમિશનર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, રજિસ્ટર થયેલી વ્યક્તિઓના કોઇપણ વર્ગને, આ કલમ હેઠળનું વાર્ષિક પત્રક ભરવામાંથી મુક્તિ આપી શકશે:

વધુમાં, આ કલમમાંનો કોઇપણ મજકૂર, જેના હિસાબના ચોપડા, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (નિયંત્રક અને મહાલેખા પરીક્ષક) અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ સ્થાનિક સત્તામંડળોના હિસાબોનું ઓડિટ કરવા માટે નીમાયેલા કોઇ ઓડિટર દ્વારા ઓડિટને અધીન હોય તેવા કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારના કોઇપણ વિભાગને અથવા કોઇ સ્થાનિક સત્તામંડળને લાગુ પડશે નહિ.

**૫૨.** (૧) થી (૩) xxx xxx xxx

મૂળ સ્થાને વેરાની વસૂલાત.

(૪) પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી રકમની વસૂલાત કરતા હોય તેવા દરેક ઓપરેટર-એ, તેવો મહિનો પૂરો થયા પછી દસ દિવસની અંદર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, મહિના દરમિયાન તેના મારફત પરત કરેલા માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના પુરવઠા અને પેટા-કલમ (૧) હેઠળ વસૂલાત કરેલી રકમ સહિત તેના મારફત કરેલા માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના જાવક પુરવઠાની વિગતોનો સમાવેશ કરતું પત્રક ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

પરંતુ કમિશનર, કારણોની લેખિતમાં નોંધ કરીને, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગ માટે પત્રકો રજૂ કરવા માટેની સમયમર્યાદા વધારી શકશે:

વધુમાં કેન્દ્રીય વેરા કમિશનર-એ જાહેર કરેલો સમયમર્યાદાનો કોઇ વધારો, કમિશનર-એ જાહેર કર્યો હોવાનું ગણાશે.

(૫) થી (૧૪) XXX XXX XXX

૫૪. (૧) થી (૫) XXX XXX XXX

વેરાનું રિફંડ.

(૬) પેટા-કલમ (૫)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, યોગ્ય અધિકારી, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગ સિવાયની બીજી રજિસ્ટર થયેલી વ્યક્તિઓએ માલ અથવા સેવા અથવા તે બન્નેના શૂન્ય-દરના

પુરવઠાને કારણે કરેલા રિફંડ માટેના કોઇ દાવાના કિસ્સામાં, કામચલાઉ આધાર પર ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતો, મર્યાદાઓ અને સલામતીને અધીન રહીને, પ્રસંગોપાત સ્વીકારેલી ઇનપુટ વેરા શાખની રકમને બાકાત કરીને, તેવી રીતે દાવો કરેલા કુલ રકમની નેવું ટકા રકમ રિફંડ કરી શકશે અને ત્યારપછી અરજદારે રજૂ કરેલા દસ્તાવેજોની યોગ્ય ખરાઇ કર્યા પછી, દાવો કરેલા રિફંડની આખરી પતાવટ માટે પેટા-કલમ (૫) હેઠળ હુકમ કરી શકશે.

(૭) થી (૧૪) XXX XXX XXX

વિલંબિત રિફંડ પર વ્યાજ. **૫૬.** કોઇ અરજદારને કલમ ૫૪ ની પેટા-કલમ (૫) હેઠળ કોઇ વેરો રિફંડ કરવાનો હુકમ થયેલ હોય અને તે કલમની પેટા-કલમ (૧) હેઠળ અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસની અંદર રિફંડ કરવામાં ન આવે તો, કાઉન્સિલની ભલામણ પરથી સરકારે બહાર પાડેલા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા છ ટકાથી વધુ નહિ તેટલા દરે, સદરહુ પેટા-કલમ હેઠળ અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસ પૂરા થયાની તરત પછીની તારીખથી એવા વેરાના રિફંડની તારીખ સુધી, એવા રિફંડ માટે વ્યાજ ચૂકવવાપાત્ર થશે:

પરંતુ કોઇ ન્યાયનિર્ણય સત્તાધિકારી (ઓથોરિટી) અથવા અપીલ સત્તાધિકારી (ઓથોરિટી) અથવા અપીલ ટ્રિબ્યુનલ અથવા કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમ કે જે આખરી હોય તેના પરથી રિફંડનો કોઇ દાવો ઊભો થયો હોય અને એવા હુકમને પરિણામે ફાઇલ કરેલી અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસની અંદર એવું રિફંડ કરવામાં ન આવે ત્યારે, કાઉન્સિલની ભલામણ પરથી, સરકાર જાહેર કરે તેટલા નવ ટકાથી વધુ નહિ તેટલા દરે, અરજી મળ્યાની તારીખથી સાઠ દિવસ પૂરા થયાની તરત પછીની તારીખથી રિફંડની તારીખ સુધી વ્યાજ ચૂકવવાપાત્ર થશે.

**સ્પષ્ટીકરણ**.- આ કલમના હેતુઓ માટે, કલમ ૫૪ ની પેટા-કલમ (૫) હેઠળ યોગ્ય અધિકારીના હુકમની વિરુદ્ધ કોઇ અપીલ સત્તાધિકારી (ઓથોરિટી), અપીલ ટ્રિબ્યુનલ અથવા કોઇ કોર્ટ દ્વારા રિફંડનો કોઇ હુકમ પસાર કરવામાં આવ્યો હોય ત્યારે અપીલ સત્તાધિકારી (ઓથોરિટી), અપીલ ટ્રિબ્યુનલ અથવા કોર્ટે પસાર કરેલો હુકમ સદરહુ પેટા-કલમ (૫) હેઠળ પસાર કરેલો હુકમ ગણાશે.

પત્રકો નહિ ભરનારની આકારણી. **૬૨.** (૧) કલમ ૭૩ અથવા કલમ ૭૪ માં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૪૬ હેઠળ નોટિસની બજવણી કર્યા પછી પણ રજિસ્ટર થયેલી વ્યક્તિ, કલમ ૩૯ અથવા કલમ ૪૫ હેઠળ પત્રક પૂરું પાડવામાં ચૂક કરે ત્યારે, યોગ્ય અધિકારી, ઉપલબ્ધ અથવા તેણે ભેગી કરેલી સબંધિત તમામ સાધનસામગ્રીને વિચારણામાં લઇને, પોતાના ઉત્તમ નિર્ણય અનુસાર સદરહુ

વ્યક્તિની વેરા જવાબદારીની આકારણી અંગેની કાર્યવાહી કરી શકશે અને જે વર્ષે વેરો ચૂકવ્યો ન હોય તે નાણાકીય વર્ષ માટેનું વાર્ષિક પત્રક પૂરૂં પાડવા માટે કલમ ૪૪ હેઠળ નિર્દિષ્ટ તારીખથી પાંચ વર્ષની મુદતની અંદર આકારણીનો હુકમ કાઢી શકશે.

(૨) રજિસ્ટર થયેલી વ્યક્તિ, પેટા-કલમ (૧) હેઠળના આકારણી હુકમની બજવણીના ત્રીસ દિવસની અંદર માન્ય પત્રક પૂરૂં પાડે ત્યારે, સદરહુ આકારણી હુકમ પાછો ખેંચી લીધેલો હોવાનું ગણાશે પણ કલમ ૫૦ ની પેટા-કલમ (૧) હેઠળ વ્યાજની ચુકવણી અથવા કલમ ૪૭ હેઠળ વિલંબ-ફીની ચુકવણી માટેની જવાબદારી ચાલુ રહેશે.

**અપીલ ટ્રિબ્યુનલ અને તેની બેન્ચ.**

**૧૦૯.** (૧) આ પ્રકરણની જોગવાઇઓને અધીન રહીને, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ રચાયેલ માલ અને સેવા વેરા ટ્રિબ્યુનલ, આ અધિનિયમ હેઠળ અપીલ સત્તાધિકારી અથવા ફેરતપાસ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હુકમોની સામે અપીલોની સુનાવણી કરવા માટે અપીલની ટ્રિબ્યુનલ ગણાશે.

(૨) રાજ્યમાં આવેલ રાજ્ય બેન્ચ અને ક્ષેત્રીય બેન્ચની રચના અને તેની હકૂમત, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૦૯ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અનુસારની રહેશે.

**અપીલ ટ્રિબ્યુનલના પ્રમુખ અને સભ્યો, તેમની લાયકાત, નિમણૂક, સેવાની શરતો વગેરે.**

**૧૧૦.** રાજ્ય બેન્ચ અને ક્ષેત્રીય બેન્ચના પ્રમુખ અને સભ્યોની લાયકાતો, તેમની નિમણૂક, પગાર અને ભથ્થાં, હોદ્દાની મુદત, રાજીનામુ અને રુખસદ, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૧૦ની જોગવાઇઓ અનુસારની રહેશે.

**રાજ્યના પ્રમુખની નાણાકીય અને વહીવટી સત્તા.**

**૧૧૪.** રાજ્યના પ્રમુખ, રાજ્યમાંની રાજ્ય બેન્ચ અને અપીલ ટ્રિબ્યુનલની ક્ષેત્રીય બેન્ચ ઉપર ઠરાવવામાં આવે તેવી, નાણાકીય અને વહીવટી સત્તા વાપરશે:

પરંતુ, રાજ્ય પ્રમુખને, રાજ્ય બેન્ચ અથવા પ્રાદેશિક બેન્ચના કોઇ બીજા સભ્ય અથવા કોઇ પણ અધિકારીને, એવો સભ્ય અથવા અધિકારી તેને સોંપવામાં આવેલી સત્તા વાપરતી વખતે રાજ્યના પ્રમુખના આદેશ, નિયંત્રણ અને દેખરેખ હેઠળ કાર્ય કરવાનું ચાલુ રાખશે, તે શરતને અધીન રહીને, પોતે યોગ્ય ગણે તેવી, તેની નાણાકીય અને વહીવટી સત્તા સોંપવાનો અધિકાર રહેશે.

હાઇકોર્ટને અપીલ. **૧૧૭.** (૧) અપીલ ટ્રિબ્યુનલની રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા કરવામાં આવેલા કોઇ હુકમથી નારાજ થયેલી કોઇ વ્યકિત, હાઇકોર્ટને અપીલ કરી શકશે અને હાઇકોર્ટને ખાતરી થાય કે કેસમાં કાયદાના મહત્વના પ્રશ્નનો સમાવેશ થાય છે, તો તે આવી અપીલ સ્વીકારી શકશે.

(૨) થી (૪) XXX XXX XXX

(૫) હાઇકોર્ટ-

(ક) રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા નક્કી કરવામાં આવી હોય તેવી કોઇ બાબત; અથવા

(ખ) અહીં પેટા-કલમ (૩)માં ઉલ્લેખ્યા પ્રમાણે, કાયદાના આવા મુદ્દાના નિર્ણયના કારણે, રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા ખોટી રીતે નકકી કરવામાં આવી હોય તેવી કોઇ બાબત નક્કી કરી શકશે.

(૬) થી (૯) XXX XXX XXX

સર્વોચ્ચ ન્યાયાલયને અપીલ. **૧૧૮.** (૧) (ક) અપીલ ટ્રિબ્યુનલની રાષ્ટ્રીય બેન્ચ અથવા પ્રાદેશિક બેન્ચ દ્વારા કરવામાં આવેલા કોઇ હુકમ પરથી; અથવા

(ખ) XXX XXX XXX

- સર્વોચ્ચ ન્યાયાલય (સુપ્રિમ કોર્ટ)ને અપીલ કરી શકાશે.

(૨) અને (૩) XXX XXX XXX

અપીલ વગેરે રજૂ કરી હોવા છતાં, ચૂકવવાપાત્ર બાકી નીકળતી રકમ. **૧૧૯.** હાઇકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય) અથવા સર્વોચ્ચ ન્યાયાલયને અપીલ કરવામાં આવી હોય તેમ છતાં, કલમ ૧૧૩ની પેટા-કલમ (૧) હેઠળ અપીલ ટ્રિબ્યુનલની રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક બેન્ચ દ્વારા કરવામાં આવેલા હુકમ અથવા કલમ ૧૧૩ની પેટા-કલમ (૧) હેઠળ અપીલ ટ્રિબ્યુનલની રાજય બેન્ચ અથવા ક્ષેત્રીય બેન્ચ દ્વારા કરવામાં આવેલા હુકમ અથવા યથાપ્રસંગ, કલમ ૧૧૭ હેઠળ હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલા હુકમના કારણે, સરકારને ચૂકવવાપાત્ર રકમ, આ રીતે કરવામાં આવેલા હુકમ અનુસાર ચૂકવવાપાત્ર રહેશે.

અમુક ગુના માટેની શિક્ષા. **૧૩૨.** (૧) જે કોઇ વ્યક્તિ, નીચેના પૈકીનો કોઇ ગુનો કરે અથવા કરાવડાવે અને તેમાંથી ઊભા થતા લાભો મેળવે:

(ક) વેરો ટાળવાના ઉદ્દેશ સાથે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, કોઇ ભરતિયું કાઢી આપ્યા સિવાય, કોઇ માલ અથવા સેવાઓ અથવા તે બંને પૂરી પાડે;

(ખ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માલ અથવા સેવાઓ અથવા બંને પૂરી પાડ્યા સિવાય, કોઇ ભરતિયું અથવા બિલ કાઢી આપે, જેનાથી ઇનપુટ વેરા શાખ અથવા વેરાના રિફંડની ખોટી રીતે પ્રાપ્તિ થાય અથવા ખોટી રીતે તેનો ઉપયોગ થાય;

(ગ) ખંડ (ખ)માં ઉલ્લેખેલું ભરતિયું અથવા બિલ વાપરીને, ઇનપુટ વેરા શાખ પ્રાપ્ત કરે અથવા કોઇ ભરતિયા અથવા બિલ વગર છળકપટપૂર્વક ઇનપુટ વેરા શાખ પ્રાપ્ત કરે;

(ઘ) કોઇ રકમ વેરા તરીકે વસૂલ કરે પરંતુ આવી ચુકવણી જે તારીખે ચૂકવવાપાત્ર થતી હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદત કરતાં વધુ મુદતમાં સરકારને તે ચૂકવવામાં નિષ્ફળ જાય;

(ચ) વેરો ચૂકવવાનું ટાળે અથવા અથવા છળકપટપૂર્વક રિફંડ મેળવે; અને આવો ગુનો ખંડો (ક) થી (ઘ) હેઠળ આવરી લીધેલો ન હોય.

(છ) આ અધિનિયમ હેઠળ બાકી નીકળતી વેરાની ચુકવણી ટાળવાના ઉદ્દેશ સાથે, નાણાકીય રેકર્ડ ખોટી રીતે રજૂ કરે અથવા તેને બદલી નાખે અથવા બનાવટી હિસાબો અથવા દસ્તાવેજો રજૂ કરે અથવા કોઇ ખોટી માહિતી પૂરી પાડે;

(જ) આ અધિનિયમ હેઠળ કોઇ અધિકારીને પોતાની ફરજો બજાવવામાં અવરોધે અથવા અટકાવે;

(ઝ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ જપ્તીને પાત્ર હોય તેવા તેની જાણમાં હોય અથવા તેમ માનવાને કારણો હોય તેવા કોઇ માલનો કબજો સંપાદિત કરે અથવા માલની હેરફેર કરવામાં, તેને દૂર કરવામાં, તેને જમા કરવામાં, રાખવામાં, છુપાવવામાં, તેને પૂરો પાડવામાં, તેની ખરીદી કરવામાં પોતે કોઇ રીતે સંડોવાય અથવા બીજી કોઇ રીતે તેની તજવીજ કરે;

(ટ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરવામાં આવતું હોય તે તેની જાણમાં હોય અથવા તેમ માનવાને કારણો હોય તેવી સેવાઓ મેળવે અથવા તે પૂરી પાડવામાં કોઇ રીતે તે સંડોવાય અથવા એવી સેવાઓના કોઇ પુરવઠા સાથે બીજી કોઇ રીતે તજવીજ કરે;

(ઠ) કોઇ મહત્વના પુરાવા અથવા દસ્તાવેજો સાથે ચેડાં કરે અથવા તેનો નાશ કરે;

(ડ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ તેને પૂરી પાડવાનું ફરમાવ્યું હોય તેવી કોઇ માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ જાય અથવા, (તેણે પૂરી પાડેલી માહિતી સાચી છે તે સાબિત કરવાનો બોજો, તેના પર રહેશે તેવી વાજબી માન્યતા હોય તે સિવાય) ખોટી માહિતી પૂરી પાડે; અથવા

(ઢ) આ કલમના ખંડો (ક) થી (ડ) માં ઉલ્લેખેલા ગુના પૈકીનો કોઇ ગુનો કરવાનો પ્રયત્ન કરે અથવા તે કરવામાં મદદગારી કરે,

તેને, નીચે જણાવ્યા મુજબની શિક્ષા થશે-

(૧) ટાળવામાં આવેલી વેરાની રકમ અથવા ખોટી રીતે મેળવેલી અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલા રિફંડની રકમ પાંચસો લાખ રૂપિયા કરતાં વધુ હોય તેવા કિસ્સામાં, પાંચ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે;

(૨) ટાળવામાં આવેલી વેરાની રકમ અથવા ખોટી રીતે મેળવેલી અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલા રિફંડની રકમ બસો લાખ રૂપિયા કરતાં વધુ પણ પાંચસો લાખ રૂપિયા કરતાં વધુ ન હોય તેવા કિસ્સામાં, ત્રણ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે;

(૩) બીજા કોઇ ગુનાના કિસ્સામાં, ટાળવામાં આવેલી વેરાની રકમ અથવા ખોટી રીતે મેળવેલી અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખની રકમ અથવા ખોટી રીતે લીધેલા રિફંડની રકમ એકસો લાખ રૂપિયા કરતાં વધુ પણ બસો લાખ રૂપિયા કરતાં વધુ ન હોય તેવા કિસ્સામાં, એક વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે;

(૪) ખંડ (છ) અથવા ખંડ (જ) અથવા ખંડ (ઠ)માં નિર્દિષ્ટ કરેલો ગુનો કરે અથવા ગુનો કરવામાં મદદગારી કરે, ત્યારે તે કિસ્સામાં, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

(૨) થી (૬) XXX XXX XXX

ગુનાની માંડવાળ. **૧૩૮.** (૧) આ અધિનિયમ હેઠળના કોઈ ગુનાની માંડવાળ, અદાલતી કાર્યવાહી શરૂ થતા પહેલાં અથવા ત્યારપછી, કમિશનર દ્વારા, ગુનાની આરોપી વ્યક્તિએ કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકારને, ઠરાવવામાં આવે તેવી રીતે તેટલી માંડવાળની રકમની ચુકવણી કરીને કરી શકાશે.

પરંતુ આ કલમમાંનો કોઈ પણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ.

(ક) કલમ ૧૩૨-ની પેટા-કલમ (૧) ના ખંડો (ક) થી (છ) માં નિર્દિષ્ટ કરેલા ગુના પૈકીના કોઈ ગુના અને સદરહુ પેટા-કલમ ના ખંડો (ક) થી (છ) માં નિર્દિષ્ટ કરેલા ગુનાને સંબંધિત હોય તેવા ખંડ (ઢ) માં નિર્દિષ્ટ કરેલા ગુનાના સંબંધમાં, જેને એક વખત માંડવાળ કરવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યક્તિને;

(ખ) એક કરોડ રૂપિયા કરતાં વધુ કિંમતના પુરવઠાના સંબંધમાં, આ અધિનિયમ અથવા કોઇ રાજ્ય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ અથવા સંઘરાજ્યક્ષેત્ર માલ અને સેવા વેરા અધિનિયમ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની જોગવાઈઓ હેઠળના, ખંડ (ક) માં ઉલ્લેખેલા હોય તે સિવાયના, કોઈપણ ગુનાના સંબંધમાં, જેને એક વખત માંડવાળ કરવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યક્તિને;

(ગ) આ અધિનિયમ હેઠળનો ગુનો જે તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ પણ ગુનો હોય તેવો ગુનો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી વ્યક્તિને;

(ઘ) XXX XXX XXX

(ચ) કલમ ૧૩૨-ની પેટા-કલમ (૧) ના ખંડ (જ) અથવા ખંડ (ઠ) અથવા ખંડ (ડ) માં નિર્દિષ્ટ કરેલો ગુનો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી વ્યક્તિને; અને

(છ) XXX XXX XXX

(૨) આ કલમ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેની રકમ, દસ હજાર રૂપિયા કરતાં ઓછી નહિ તેટલી ન્યૂનતમ રકમ અથવા સંબંધિત વેરાના પચાસ ટકા બેમાંથી જે વધુ હોય તેને અને ત્રીસ હજાર રૂપિયા કરતાં ઓછી નહિ તેટલી મહત્તમ રકમ અથવા વેરાના એકસો અને પચાસ ટકા, બેમાંથી જે વધુ હોય તેને અધીન રહીને ઠરાવવામાં આવે તેટલી રહેશે.

(૩) XXX XXX XXX

## અનુસૂચિ ૩

**(જુઓ કલમ ૭ (૨) (ક))**

**માલના પુરવઠા કે સેવાના પુરવઠા તરીકે ગણી ન શકાય તેવી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડ**

૧. થી ૫. XXX XXX XXX

૬. લોટરી, સટ્ટા અને જુગાર સિવાયના દાવાપાત્ર હક.

૭. અને ૮. XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૯.]

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭
વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી કનુભાઇ દેસાઇ,
નાણા મંત્રીશ્રી.]

(સન ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનાની ૬ઠ્ઠી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

-------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.